# તારંગા જૈન તીર્થ : એક ઐતિહાસિક અધ્યયન

મહેશ વી.ચૌધરી (ધોળાકુવા પ્રાથમિક શાળા, તા-માણસા, જી-ગાંધીનગર)

ગુજરાતના ભૂપૃષ્ટ પર મહેસાણા જીલ્લો અતિ વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે. પ્રાગૈતિહાસિક કાળથી તેનો ઈતિહાસ આરંભાય છે . પેઢામલી,અનોડિયા,ધરોઈ અને વલાસણામાંથી ઈ.સ.૧૮૯૩માં રોબર્ટ બ્રુશફૂટ નામના ભૂતરશાસ્ત્રીએ ઈ.સ. પૂર્વે પચાસ હજારથી એક લાખ વર્ષ પૂર્વેના આદિમાનવના હથિયારો શોધ્યા હતા. લાંઘણજના અંધારિયા ટીંબા ના ખોદકામમાંથી નીકળેલા મનુષ્ય અને પ્રાણીઓના અવશેષો તો હડપ્પન અને મોહે-જો-દડો કરતા પણ જૂના છે.એ સમયે મળેલા માનવ ખોપરીના અવશેષોમાં તે સમયની સર્જરીના ચિહ્નો પુરાવીડો માટે મહત્વના છે.[1]

પૌરાણિક કાળમાં પણ સ્કંદપુરણ અને ધર્મારન્યપુરાણ જેવા ઉપપુરાણોમાં પણ મહેસાણા જીલ્લો આનર્ત કે અપરાંત પ્રદેશના ભાગ તરીકે વર્ણવાયો છે. વિવિધ પૂરનો અને ગ્રંથોમાં તારંગા,વડનગર,મોઢેરા અને બેચરાજી તાલુકાઓને જુદાજુદા ક્ષેત્ર તરીકે સ્થાન અપાયું છે. આનર્તપુરનું પાટનગર વડનગર હોવાનું જણાય છે.

મૌર્યકાળ,અનુમૌર્યકાલ,ગુપ્તયુગ,મૈત્રક,ચાલુક્ય (સોલંકી અને સુવર્ણયુગ) આ બધા કાળ મહેસાણાની ગરિમા અને અસ્મિતાની સાક્ષી પૂરતા ઉભા છે સલ્તનતકાળ,મોગલકાળ,મરાઠાકાળ અને ગાયકવાડી શાસન પણ મહેસાણાના ગર્વ ઈતિહાસને સંગ્રહે છે. લોકમુખે મહેસાણા નગર મેસજી ચાવડા નામના રાજપૂતે વસાવ્યું હોવાનું કહેવાય છે. જયસિંહ બ્રહ્મભટ્ટ નામના કવિએ સને ૧૯૩૨માં પ્રાચીન કવિતામાં વર્ણવ્યા મુજબ સંવત ૧૪૧૪ એટલે કે ઈ.સ.૧૩૫૮મા ભાદરવા સુદની દશમે મેસજી ચાવડાએ તોરણવાળા માતાની સ્થાપના કરી મહેસાણા ગામણો પાયો નાખ્યો હતો.[2] તે પછી ગામના વ્સ્વતનું તોરણ બાંધવામાં આવ્યું. મહેસાણાની સ્થાપનામાં એકમાત્ર સાક્ષી તોરણવાળી માતા ૬૪૯ વર્ષથી અખંડ દીવાની જ્યોત પ્રગટાવી જીલ્લાની વિકાસ જ્યોત પ્રસરાવી રહ્યા છે.

ગાયકવાડોએ તેમનું રાજ્ય વડોદરામાં સ્થાપ્યું ત્યારે ઉત્તર ગુજરાતમાં વહીવટ માટે રાજધાનીની પસંદગી પાટણ ઉપર ઉતારી. આ સ્થળ તેમને દૂર પડતું હતું. તેથી તેઓએ ઉત્તર પ્રાંતના વડા મથક તરીકે પ્રાચીન શહેર કડીને વડું મથક બનાવ્યું હતું. સલ્તનત કાળથી ' કિલ્લે કડી ' તરીકે કડી પ્રાંત અસ્તિત્વમાં હતો. ૧૯૦૨ માં ગાયકવાડ પ્રાંતનું વડું મથક મહેસાણા લાવ્યા અને (૧). દહેગામ, (૨). આંતરસૂબા, (૩). કડી, (૪). પાટણ ,(૫). વડનગર, (૬).વિસનગર , (૭). ખેરાલુ , (૮). વિજાપુર એમ આઠ મહાલમાં ઉત્તર પ્રાંતને વહેચવામાં આવ્યો. મહેસાણા

પ્રાંતમાં ગાયકવાડે નાંખેલી ૨૫૭ માઈલ ની રેલ્વે તા.૨૧/૩/૧૮૮૭ થી પ્રાંતના મુસાફરોને સગવડ આપી રહી છે.

૪૪૮૪.૧૦ ચો.કી.મી. ક્ષેત્રફળ ધરાવતો મહેસાણા જીલ્લો હાલના ગાંધીનગર અને પાટણ જીલ્લાનો બનેલો હતો. ઈ.સ. ૧૯૯૭માં ગુજરાત રાજ્યની બરાબર મધ્યમાં આવેલા મહેસાણા જીલ્લામાંથી પાટણ જીલ્લો છૂટો પડ્યા પછી ૯ તાલુકાનો બનેલો મહેસાણા જીલ્લો અનેક વિશિષ્ટતોઓ ધરબીને બેઠો છે. નવરચના મુજબ હાલ આ જીલ્લામાં (૧) મહેસાણા, (૨) વિસનગર, (૩) વિજાપુર, (૪) વડનગર, (૫) ખેરાલુ, (૬) સતલાસણા, (૭) ઊંઝા, (૮) બેચરાજી, (૯) કડી તાલુકાઓનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત નવ તાલુકાઓમાં સતલાસણા તાલુકો નોંધપાત્ર સ્થાન ધરાવે છે. કારણકે જૈન તીર્થ સ્થાન તારંગા સતલાસણા તાલુકાને ધન્યતા આપ છે. ઉપર જણાવ્યા મુજબની તાલુકાઓની નવરચના પૂર્વે તારંગા અ ખેરાલુ તાલુકાનો એક ભાગ હતું ,પરંતુ વહીવટી સરળતા નવા રચાયેલા સતલાસણા તાલુકામાં તરંગનો સમાવેશ કરાયો હતો.

હવે વાત કરીએ આ તારંગા તીર્થના ઈતિહાસની જૈનોને પર્વતીય સ્થળો પર તીર્થધામો સ્થપવામાં અત્યંત રૂચી હતી. પૂર્વ ભાત સ્થિત મગધમાં અર્હત પાશ્વની નિર્વાણ ભૂમિ સમ્મેદશૈલ કે સમ્મેત શિખર , મધ્યપ્રદેશમાં સોનાગીરિ કર્ણાટકમાં શ્રવણ-બેલગોળ (શ્રમણ-બેલગોળ),કોપ્પણ અને હુમ્બચ,તથા પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્રમાં ઉજ્જ્યંતગિરિ (ગિરનાર) તેમજ શત્રુંજ્યગિરિ (શેત્રુંજો) અને રાજસ્થાનમાં અર્બુદાગિરિ કિંવા આબુ પર્વત તથા જાબાલીપુર (જાલોર)નો કાંચનગિરિ પ્રસિધ્ધ છે. એ જ પર્વતીયતીર્થોની શ્રેણીમાં ઉત્તર ગુજરાતમાં અડાવલા (અરવલ્લી)ની ટેકરીઓમાં આવેલા તારંગાણા જિનેશ્વરશ્રી અજિતનાથનાતીર્થને મૂકી શકાય.[૩] ટીંબા ગામ પાસે ખંડેર કિલ્લા પછીની ટેકરીઓની વચ્ચે મધ્યકાલીન તરંગનો પહેલાં મોઢા આગળના પ્રકારમાં તીર્થંકર પરમાત્માશ્રી અજીતનાથ નો શ્વેતાંબર સંપ્રદાયનો મંદિર સમૂહ અને પછી તરત જ પાછળ તેની પશ્ચિમે જરા ઉંચાણમાં દિગંબર સંપ્રદાયના અધિકારીનું નાનાં-નાનાં જિનાલયોનું ઝૂમખું આવી રહ્યું છે.

‘ તારંગા ’ અભિધાનની વ્યુત્પતિ અને ઈતિહાસ વિશે એકદમ સ્પષ્ટતા નથી. વર્તમાને અસ્તિત્વમાણન જૈનમંદિરોથી વિશેષ પ્રાચીન એવી કોઈ મહાયાનિક બુદ્ધ સંપ્રદાયની નાની બૌદ્ધ ગુફાઓમાંથી એકમાં આઠમાં શતકના અંત યા નવમી શતીના પ્રારંભે મૂકી શકાય તેવી બૌદ્ધ દેવી તારા ભગવતીની ઉપાસ્ય મૂર્તિ છે. ( ચિત્ર ૩૯ ) કહેવાય છે કે, અહી લગભગ ૧૨૦૦ ફૂટ (૩૪૦ મીટર ) ઉંચા પર્વત પરથી બૌદ્ધ દેવી તારની મૂર્તિ મળી આવવાથી આ સ્થળ ‘ તારંગા ’ તરીકે પ્રસિદ્ધ થયું.[૪] બૌદ્ધ દેવીઓમાં તારા મુખ્ય છે. એના અનેક સ્વરૂપ છે. સદા સ્વરૂપમાં એ ડાબા

હાથમાં ઉત્પલ ધારણ કરે છે. જ્યરે એનો જમણો હાથ વરમુદ્રામાં હોય છે. તારાઓ જુદાજુદા ધ્યાની બુદ્ધોમાંથી ઉદભવી હોય એવું મનાય છે.[૫]

ગુજરાતમાંથી તારની એક-બે મૂર્તિઓ મળી છે. તેમાં તારંગા પર્વત ઉપર આવેલી તારણ-ધારણથી ઓળખાતી તારાની મૂર્તિઓ મુખ્ય છે. તારંગા પર્વત ઉપર અજિતનાથ ભગવાનના મંદિરની પાછળની બાજુ નીચે ઉતરતાં, એક ગુફામાં તારની તેમજ બીજી નાની-નાની નવ મૂર્તિઓ બેસાડેલી છે, તેને ત્યાંના આદિવાસીઓ તારણમાતા તરીકે ઓળખાવે છે. આ ગુફામાં એટલું બધું અંધારું છે કે તેમની બીજી પ્રતિમાઓ સ્પષ્ટ રીતે ઓળખવી અશક્ય છે.[૬]

આ ગુફાથી થોડે દૂર એક નાની દહેરીમાં તારાની ચાર ફૂટ ઉંચી સુંદર મૂર્તિ બેસાડેલી છે, તેને ધારિણી માતા તરીકે ઓળખવામાં આવે છે. ધારણ માતા તરીકે ઓળખાતી પ્રતિમા બૌદ્ધ મૂર્તિવિજ્ઞાનમાં જણાવ્યા પ્રમાણે વરદ તારાની હોવાનું જણાય છે. આ પ્રતિમા ધોળા આરસમાંથી બનાવેલી હોઈ,તેમાં દેવી લલિતાસનવાળી કમળ પર બેઠેલાં, તેમનો ડાબો પગ વાળેલો જયારે જમણો પગ લટકતો, નીચેના કમળ ઉપર મૂકેલો ,હાથ બે, તે પૈકી જમણો હાથ તૂટેલો હોવા છતાં તેના અવશેષો ઉપરથી તેમાં વરદમુદ્રા જણાય છે. માથા ઉપર મુકુટથી ઉંચે અક્ષોભ્યની પ્રતિમા અને તેની બંને બાજુ પાંખોવાળા તેમજ બે હાથે પુષ્પમાળા પકડીને બેઠેલાં વિદ્યાધરો ,માથાની પાછળ પ્રભામંડળ, શરીર ઉપર અલંકારો ધારણ કરેલી તારાની આ એક અનુપમ પ્રતિમા હોવું જણાય છે. તારંગાથી પહેલાં ભીમપુર પાસે તારણ-ધારણ માતાનું મંદિર ટેકરા ઉપર આવેલું છે. દૂરથી દેખાતી ગિરિમાળાઓ વનરાજી અને તેમાંથી પસાર થતાં ઝરણાંઓના ખળખળ નાદથી વાતાવરણ વધુ આહલાદક બને છે. દંતકથા મુજબ અહીં આવેલા તારણ-ધારણ માતાને ભેંસને પાડી જન્મતાં જ પ્રસાદ ધરાવવાનો અને ગરબો મૂકવાનો રિવાજ પ્રચલિત છે.[૭]

શ્વેતાંબર સંપ્રદાયના બૃહદગચ્છીય આચાર્યશ્રી સમપ્રભસૂરિના મહારાષ્ટ્રી પ્રકૃતિમાં નિબદ્ધ જિનધર્મપ્રતિબોધ અંતર્ગત વેણી-વત્સરાજ નામના રાજાએ અહી તારાદેવીની સ્થાપના કરેલી અને ત્યાં આગળ ‘ તારાઉર ’ એટલે કે ‘ તારાપુર ’ નામનું ગામ વસેલું આવું કથન મળે છે. આ કોઈ ભૂ મોટી વસાહત-નગર જેવડી હોવાનો સંભવ ન હોતાં તેનું વ્યવહારમાં નામ ‘ તારાગ્રામ ’ અને તેના પરથી અપભ્રંશ ‘ તારાગામ ’ , ‘ તારાગાંવ ’ જેવું થઈ ‘ તારંગા ’ બન્યું હોય તેવો સંભવ છે. અહીંના (અને સાથે જ આબુના) મધ્યકાળના અભિલેખોમાં તેનાં તારંગક , તારણદુર્ગ , તારણગઢ જેવાં અભિધાનો પ્રાપ્ત થાય છે , જે વિશે અહીં આગળ ઉપર નિર્દેશ થશે.

પરંતુ તારાપુર વસ્યા પહેલાં અહીં કોઈ જૈનન સ્થાન હોવાનો સંભવ નહિવત્ છે. દિગંબરેતર સંપ્રદાયના, સંભવતઃ દક્ષિણાત્ય, જૈન કર્તાશ્રી જટાસિંહનંદીના વરાંગચરિત (પ્રાયઃ ૭મી શતી) નામના જૈન પૌરાણિક ગ્રંથમાં આનર્તપુર અને સરસ્વતી વચ્ચે મણિમાન પર્વત અને રાજા વરાંગે

બંધાવેલા જિનાલય નો ઉલ્લેખ આવે છે. આ મણિમાન પર્વત તે જ મધ્યકાળનો તારંગા પર્વત હોવાનું સૂચન થયું છે. અલબત અહીંથી મળતી જૈન પ્રાચીન વસ્તુઓના પુરાવાઓમાંના કોઈ જ ૧૧મી સદી પૂર્વના નથી. અહી દિગંબર અધિકાર નીચેના મંદિરની પાછળની પહાડીમાં એક દેરી-કુદરતી ગુફા આવેલી છે, જેમાં (અચેલ સંપ્રદાયના) જૈન મુનિઓ ધ્યાન કરતા હોવાની પરંપરા છે.

તારંગા સંબંધ આજુબાજુનાં પ્રાચીન સ્થાનોની વિગતો અહી દેવાનું સંદર્ભગત ન હોઈ હવે મુખ્ય વાત પર આવીએ. તારંગા પર્વત પર ભવ્ય ચોગાનની વચ્ચોવચ ભગવા અજિતનાથનું જિનાલય છે. કહેવાય છે કે, ગુજરાતના રાજા કુમારપાળે સંવત ૧૨૧૬ની આસપાસ આ ચૈત્ય બંધાવેલું.[૮] તેના પ્રાંગણમાં એક દેરીમાં સુરક્ષિત સ્તંભ પર કુમારપાળના શાસનના અંતિમ વર્ષનો લેખ છે. મંદિરમાંથી મંત્રીશ્વર વસ્તુપાલે સં.૧૨૮૫ (ઈ.સ.૧૨૨૯)માં ખત્તક સમેત ભરાવેલી પ્રતિમાઓના બે લેખ પ્રાપ્ય થયા છે, જેની પ્રતિષ્ઠા એમના કુલગુરુ નાગેન્દ્રગચ્છીય આચાર્યશ્રી વિજયસેન સૂરિએ કેરેલી. વસ્તુપાળ-તેજપાળના સમકાલીન વરહુડિયા કુટુંબના દેલવાડાઈ લૂણવસહિની દેવકુલિકાના સં.૧૨૯૬ના પ્રશસ્તિલેખ મુજબ એમના તરફથી પણ અહી જિનબિંબ સહિત ખત્તક કરાવવામાં આવેલો, જે ઈ.સ.૧૨૪૦ અને સં.૧૩૦૫ / ઈ.સ.૧૨૪૮ અને ૧૨૪૯માં અહીં રાજ્ગચ્છીય વાદીદ્ર શ્રી ધર્મઘોષસૂરિની પરંપરાના આચાર્યશ્રી ભુવનચંદ્રસૂરિ એ અજિતનાથનાં બે બિંબોની પ્રતિષ્ઠા કરાવેલી. આજે તો અલબત્ત લેખો જ અવશિષ્ટ રહ્યા છે, મૂળ બિંબો નષ્ટ થઈ ચૂક્યા છે.

૧૫માં શતકના મધ્યભાગમાં રચાયેલા મુનિશ્રી રત્નમંડનગણિકૃત ઉપદેશતરંગિણી તથા સુકૃતસાગર ગ્રંથોની નોંધને આધારે માલવમંત્રી પૃથ્વીધર (પેથડ) પુત્ર ઝાંઝણ અહીં ગયાગચ્છીય આચાર્યશ્રી ધર્મઘોષસૂરિ સંગાથે પ્રાયઃ ઈસ્વી૧૨૬૪માં સંઘ સહિત યાત્રાર્થે આવેલા અને ૧૩મા શતકના અંત ભાગે ખરતરગચ્છીય તૃતીય આચાર્યશ્રી જિનચંદ્રસૂરિ પણ સંઘ સહિત વંદના દેવા આવી ગયેલા. આમ, તારંગાની ૧૩માં શતકમાં તીર્થરૂપે ખ્યાતિ બની ચૂકેલી.[૯]

કુમારપાળના અનુગામી અજ્યપાલે,પૂર્વે પોતાના ગાદીવારસારૂપે બાતલ કરવાની સલાહ આપનાર મંત્રીઓ ( મહામાત્ય ક્પર્દી,મંત્રી આમ્રભટ્ટ ) અને કાલિકાળ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય આચાર્યશ્રી રામચંદ્રને કુરતાપૂર્વક મારી નંખાવ્યા,અને કુમારપાળે તેમજ તેના પૂર્વોક્ત મંત્રીઓએ કરાવેલ જીનાલયોનાઉત્થાન કરાવેલ. તેમાંથી તરંગના મહાન જીનાલ્યને કેવી રીતે યુક્તિપૂર્વક પાટણના શ્રેષ્ટીઆભડ વસાહ દ્વારા બચાવી લેવામાં આવ્યું તે સંબંધની હકીકત નાગેન્દ્રગચ્છીય શ્રી મેરુતુંગાચાર્યના પ્રબંધચિંતામણી (સં.૧૩૬૫ /ઈ.સ. ૧૩૦૫) અને પછીના કેટલાક પ્રબંધોમાં નોધાયેલી છે.

પરંતુ ૧૪મા શતકના પ્રારંભે થયેલા મુસ્લિમ આક્રમણ (અલાઉદ્દીન ખીલજીનું આક્રમણ) સમયે અને અહિલપતન પરના મુસ્લિમ આક્રમણ અને શાસન દરમ્યાન ગુજરાતના મોટા ભાગના બ્રાહ્મણીય અને જૈન મંદિરો ખંડિત થયા અને કેટલાંયણો ધરમૂળથી વિનાશ કરવામાં આવ્યો, જે સપાટામાંથી તારંગાનું આ ચૈત્ય બચી શકેલું નહીં. એ સંબંધની નોંધ ૧૫મા સૌકાના પ્રથમ ચરણમાં તપાગચ્છીય આચાર્યશ્રી મુનિસુંદરસૂરિના જિનસ્તોત્ર રત્નકોષ અંતર્ગત " શ્રીતારણદુર્ગા-લંકારશ્રીઅજીતનાથસ્વામીસ્તોત્ર "માં લેવામાં આવી છે. ત્યાં કહ્યા મુજબ મલેચ્છો દ્વારા થયેલા ભંગ પશ્ચાત ઈડરના સંઘાધિપતિ સાધુ ગોવિંદે આરાસણના આરસનું નૂતન બિંબ ઘડાવી તેમાં પુનઃ પ્રતિષ્ઠા કરાવેલી, આચાર્યશ્રી સોમસુંદરસૂરિના પ્રશિષ્ટ પ્રતિષ્ઠાસોમના સોમસૌભાગ્યકાવ્ય (સં.૧૫૨૪/ઈ.સ.૧૪૬૮) અનુસાર ગોવિંદશ્રેષ્ટિએ આચાર્યશ્રી સોમસુંદરસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવેલી, જે હકીકતની સંક્ષિપ્તરૂપે નોંધ શ્રી સોમચારીત્રગણીના ગુરુગુણરત્નાકરકાવ્ય (સં.૧૫૪૧/ઈ.સ.૧૪૮૫)માં પણ મળે છે. ગોવિંદનું નામ દેતાં મૂળ બિંબના ઘસાઈ ગયેલા લેખ અનુસાર પ્રતિષ્ઠા-વર્ષ સં.૧૪૭૯ (ઈ.સ.૧૪૨૩) હતું. ૧૫મા શતકના આરંભે અમદાવાદના સુલતાન અહમદશાહના ઝવેરી ગુણરાજે આચાર્યશ્રી સોમસુંદરસૂરિ સાથે તીર્થયાત્રાઓ કરેલી, તેમાં તારંગાણો પણ સમાવેશ હતો.

ઉપર્યુક્ત ગોવિંદશ્રેષ્ઠીએ મંદિરમાં થયેલા નુકસાનને પણ દુરસ્ત કરવ્યું હશે. એમને ત્યાં નવ ભારપટ્ટ (ભારોટો) ચઢાવ્યાની નોંધ પણ સોમસૌભાગ્યકાવ્યમાં લેવાઈ છે. ૧૭માં સૌકામાં આવતા દેવાલયના જૂના બાંધકામને, ખાસ તો ગૂઢમંડપના અંદરના ભાગને ટેકણોથી મજબૂત કરવાનો પ્રયત્ન સં.૧૬૮૨ થી ૧૬૮૮ (ઈ.સ.૧૬૨૬ થી ૧૬૩૨) વચ્ચેના વર્ષમાં થયેલો જોવા મળે છે. જેનો યશ અંચલગચ્છીય આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિ સ્વવિરચિત રસમાં જામનગર/કચ્છના શ્રેષ્ઠી બંધુઓ વર્ધમાન સાહ અને પદમસી સાહને આપે છે, પણ તપાગચ્છીય પટ્ટાવલીની નોંધ અનુસાર ઉદ્ધાર હીરવિજયસૂરિ શિષ્ય આચાર્યશ્રી વિજયસેનસૂરિના ઉપદેશથી થયેલો.

# પાદનોંધ :


૧. " વિકાસવાટિકા " , ( મહેસાણા જીલ્લાની પાંચ વર્ષની વિકાસયાત્રા ), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા દ્વારા પ્રકાશિત પુસ્તિકા, ૨૦૦૭, પૃષ્ટ ૪૩.

૨. એજન, પૃષ્ઠ ૪૪.

૩. મધુસૂદન ઢાંકી, " તારંગા તીર્થ ", તૃતીય આવૃત્તિ, શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ, ૨૦૦૪ પૃષ્ઠ ૧.

૪. " ગુજરાત ", ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન , અમદાવાદ, પૃષ્ઠ ૧૮૩.

૫. કનૈયાલાલ.ભા.દવે, " ગુજરાતનું મૂર્તિવિધાન ", દ્વિતીય આવૃત્તિ, પુરાતત્વખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૯૩, પૃષ્ઠ ૫૨૩.

૬. એજન, પૃષ્ઠ ૫૨૫.

૭. " મનોહર મહેસાણા " કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા દ્વારા પ્રકાશિત પુસ્તિકા,૨૦૦૬.

૮. રજની વ્યાસ, " ગુજરાતની અસ્મિતા ", તૃતીય આવૃત્તિ, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૦.

૯. મધુસુદન ઢાંકી, પૂર્વોક્ત, પૃષ્ઠ ૩.